SANDESH

31 DEC 2017

# વલ્લભવિદ્યાનગરની વિદ્યાર્થિનીઓ વોલીબોલમાં ચેમ્પિયન બની



વલ્લભવિદ્યાનગર : ચારૂતર વિદ્યામંડળ સંચાલિત સેમકોમ કોલેજ સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા યોજાયેલ વોલીબોલ ટુર્નામેન્ટમાં બહેનોની ટીમ સતત બીજા વર્ષે ચેમ્પીયન થવા પામી છે. ટુર્નામેન્ટમાં બહેનોની ૧૫ ટીમો હતી. આ સ્પર્ધામાં લીગ મેચ ચાર કોલેજો વચ્ચે યોજાઇ હતી. જેમાં સેમકોમની વિદ્યાર્થીનીઓની ટીમે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી ઇન્ટરકોલેજ વોલીબોલ ટુર્નામેન્ટની ટ્રોફી જીતી હતી. પ્રિ. ડૉ. વહીદા થોમસ, વિ.મ.સ.ઉપપ્રમુખ ડૉ. પ્રિતી લુહાણા, સ્પોર્ટસ કો-ઓર્ડી. ડૉ. ભરત તારપરા, જગદીશભાઇ સુથારનુ ઉત્તમ માર્ગદર્શન સાંપડયુ હતું.

DIVYA BHASKAR

31 DEC 2017

# ઇન્ટરકોલેજ વોલીબોલ ટુર્નામેન્ટમાં સેમકોમ કોલેજની બહેનોની ટીમ જીતી



આણંદ| ચારૂતર વિદ્યામંડળ સંચાલિત સેમકોમ કોલેજ સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા યોજાયેલ વોલીબોલ ટુર્નામેન્ટમાં બહેનોની ટીમ ચેમ્પિયન થઈ હતી. આ ટુર્નામેન્ટમાં સેમકોમ સતત બીજા વર્ષે ચેમ્પિયન થવા પામી છે. આ ટુર્નામેન્ટમાં બહેનોમાં કુલ 15 ટીમો હતી. આ સ્પર્ધામાં લીગ મેચ ચાર કોલેજો વચ્ચે યોજાઈ હતી. આચાર્ય ડો. વહીદા થોમસ, વિદ્યાર્થી મધ્યસ્થ સમિતિના ઉપપ્રમુખ ડો. પ્રિતી લુહાણા, સ્પોર્ટસ કો. ઓર્ડિનેટર ડો. ભરત તારપરા તથા જગદીશભાઈ સુથારના માર્ગદર્શન પુરુ પાડ્યું હતું.

SANDESH

30 DEC 2017

# સેમકોમ કોલેજમાં વ્યાખ્યાન યોજાયું

વલ્લભવિદ્યાનગર : ચારૂતર વિદ્યામંડળ સંચાલિત સેમકોમ કોલેજ દ્વારા ફેકલ્ટી ડેવલોપમેન્ટ કાર્યક્રમનુ આયોજન કરવામા આવ્યુ હતું. શિક્ષકોની ગુણવત્તા સુધારવાના એક ઉમદા હેતુ સાથે ચા.વિ.મંડળ સંચાલિત સેમકોમ, બીજેવીએમ, ઈલ્સાસ, આર.એન.પટેલ લૉ કોલેજના પ્રાધ્યાપકો માટે ખાસ આ પ્રોગ્રામનું આયોજન કરવામા આવ્યુ હતું. આ કાર્યક્રમ સામાજીક રૂપાંતરમાં શિક્ષકની ભુમિકા ઉપર યોજાયુ હતું, લગભર ૭૦ જેટલા પ્રાધ્યાપકોએ ભાગ લીધો હતો. ડૉ. મોહનદાસ હેગડે, પ્રિ. ડૉ. વહીદા થોમસના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમ સફળ રહ્યો હતો.

SANDESH

29 DEC 2017

# આણંદની સેમકોમ કોલેજનું ગૌરવ

વલ્લભવિદ્યાનગર :સરદાર પટેલ યુનિવર્સિટીના વીમેન સેલ દ્વારા સ્ત્રી સશક્તિકરણ વિષય અંતર્ગત વિવિધ સ્પર્ધાઓ જેવી કે નિબંધ સ્પર્ધા, બેસ્ટ ફોટોગ્રાફ, બેસ્ટ લોગો, બેસ્ટ સ્લોગન, બેસ્ટ શોર્ટ ફિલ્મ અને વકતૃત્વ સ્પર્ધાઓનુ આયોજન કરવામા આવ્યુ હતું. જેમાં કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા નિર્માણ કરાયેલી શોર્ટ ફિલ્મને બેસ્ટ શોર્ટ ફિલ્મનુ પ્રથમ પારિતોષિક રૂા. ૩ હજાર મળ્યુ હતું. ફિલ્મનુ નિર્માણ સેમકોમ કોલેજના ચોથા વર્ષના બીબીએ-આઈટીએમના વિદ્યાર્થી શ્લોક સ્વાની, ભક્તિ શુકલા, આદર્શ પાટિલ અને નિયતિ પટેલ દ્વારા કરવામા આવ્યુ હતું. પ્રિ. ડૉ. વહીદા થોમસે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

SARDAR GURJARI

28 DEC 2017

# સેમકોમ કોલેજ ખાતે શુટીંગ ઓડીયોવિઝયુઅલ એડીટીંગ એન્ડ વોઈસ ઓવર અંગે કાર્યશાળા યોજાઈ





સેમકોમ કોલેજ ખાતે તાજેતરમાં સિનેકોન શોર્ટ ફિલ્મ મેકીંગ સ્પર્ધા અને નોવેલ્સ ધી એડમેકિંગ શો સ્પર્ધા અંતર્ગત ભાગ લીધેલ સ્પર્ધકો માટે શુટીંગ ઓડિયો વિઝયુઅલ એડીટીંગ એન્ડ વોઈસ ઓવર અંગે કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યશાળામાં લગભગ ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ કાર્યશાળાનું સંચાલન સેમકોમ કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી અનિરુદ્ધ વેંટકેશ, ઉદ્યોગસાહસિક, ફિલાન્સર અને કોર્પોરેટ ફિલ્મ મેકર છે. તેઓએ શૂટિંગ કેમેરા હેન્ડલીંગ, પોઝીશનીંગ લાઈટીંગ, ફ્રેમીંગ રચના અને એડિટીંગના વિવિધ પાસાઓ પર ખૂબ જ ચીવટપૂર્વક માર્ગદર્શન આપ્યું હતું. તદ્ઉપરાંત યોગ્ય સંપાદન અને ઓડિયો પ્રભાવો સાથે કેમેરાના મૂળભૂત વ્યવસ્થાની કેવી રીતે ફિલ્મ નિર્માણ થાય છે. તેના પર ભાર મૂક્યો હતો. વિદ્યાર્થીઓને તેઓના વિષયને લઈને ફૂટેજ શૂટ કરવા માટે કહેવામાં આવ્યું હતું અને તેને સોફ્ટવેરમાં મર્જ કરવાની અસરોને કેવી રીતે સંપાદિત કરવી તે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આચાર્ય ડો. વહીદા થોમસના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થી મધ્યસ્થ સમિતિના વડા ડો. પ્રિતિ લુહાણા, કો-ઓર્ડિનેટર ડો. નિશરીન પઠાણ અને પ્રા. રેનિલ થોમસે કાર્યક્રમ સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

NAYA PADAKAR

27 DEC 2017

# સેમકોમ કોલેજ ખાતે સ્પર્ધાનું આયોજન કરાયું



(તસવીર : સલીમ-મમતા સ્ટુડિયો, વિદ્યાનગર.)

વિદ્યાનગર, તા.૨૬

ચારુતર વિદ્યામંડળ સંચાલિત સેમકોમ કોલેજમાં તાજેતરમાં સમર ટ્રેનિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજ ગોઈંગ બી ઓન્ડ ધી ટેક્સ બુક એન્ડ ગોઈંગ બી ઓન્ડ ધી કલાસરુમના અધ્યાપન શાસ્ત્ર પર ૨૦૧૭ના ઉનાળુ વેકેશન દરમ્યાન જે વિદ્યાર્થીઓએ ઈન્ડસ્ટ્રીમાં ટ્રેનિંગ લીધી હોય તેઓએ તેનો રીપોર્ટ કોલેજમાં આપવાનો હોય છે. આ સ્પધર્આ માટે ૧૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ ભારત તેમજ વિદેશ ખાતે ઉનાળાના વેકેશન દરમ્યાન વિવિધ ઉદ્યોગોમાં ટ્રેઈનિંગ લીધી હતી અને તેઓએ ફેકલ્ટી કો-ઓર્ડિનેટર ડૉ. યશસ્વી રાજપરા અને ડૉ. સ્વાતી પરબના માર્ગદર્શન હેઠળ તેમના અહેવાલ તૈયાર કર્યા હતા. ત્યારબાદ તેઓએ સ્પર્ધાના અંતિમ ચરણમાં તેઓના અહેવાલોની પ્રસ્તતિ કરી હતી.

આ સ્પર્ધાના નિર્ણાયક તરીકે સેમકોમના ભુતપૂર્વ વિદ્યાર્થી અને શહેરના પ્રેક્ટીસિંગ ચાટર્ડ એકાઉન્ટન્ટ મિ. ધૃવિત પટેલ, મિ. કુશ પટેલ ફુડ પ્રોસેસિંગ ઉદ્યોગના માલિક મિ. શ્રીલ પટેલે તેમના મુલ્યાવાન ઉન્પુટસ આપી વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું.

૦ ૦ ૦ ૦ ૦ ૦

NAYAPADAKAR

26 DEC 2017

# સેમકોમ કોલેજ ખાતે શુટીંગ એડીટીંગ એન્ડ વોઈસ ઓવર અંગે કાર્યશાળા યોજાઈ

વિદ્યાનગર,તા.૨૫

ચારુતર વિદ્યામંડળ સંચાલિત સેમકોમ કોલેજ ખાતે તાજેતરમાં સિનેકોન શોર્ટફિલ્મ મેકીંગ સ્પર્ધા અને નોવેલ્સ ધી એડમેકિંગ શો સ્પર્ધા અંતર્ગત ભાગ લીધેલ સ્પર્ધકો માટે શુટીંગ ઓડિયો વિઝયુઅલ એડીટીંગ એન્ડ વોઈસ ઓવર અંગે કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું.




સેમકોમ કોલેજ ખાતે શુટીંગ ઓડીયોવિઝયુઅલ એડીટીંગ કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું.
(તસવીર : સલીમ-મમતા સ્ટુડિયો, વિદ્યાનગર)


આ કાર્યશાળામાં લગભગ ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ કાર્યશાળાનું સંચાલન સેમકોમ કોલેજના પૂર્વ વિદ્યાર્થી મિ. અનિરુદ્ધ વેંકટેશ, ઉદ્યોગસાહસીક, ફ્રિલાન્સર અને કોર્પોરેટ ફિલ્મ મેકર છે. તેઓએ શુટિંગ, કેમેરા હેન્ડલીંગ, પોઝીશનીંગ, લાઈટીંગ, ફ્રેમીંગ રચના અને એડિટીંગનાં વિવિધ પાસાં પર માર્ગદર્શન આપ્યું હતું. તદ ઉપરાંત યોગ્ય વિદ્યાર્થીઓને તેઓના વિષયને લઈને ફૂટેજ શૂટ કરવા માટે કહેવામાં આવ્યું હતું.

આચાર્ય ડો. વહીદા થોમસના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થી મધ્યસ્થ સમિતીના વડા ડો.પ્રિતી લુહાણા, કો-ઓર્ડિનેટર ડો.નિશરીન પઠાણ અને પ્રા.રેનિલ થોમસે કરી હતી.

SARDAR GURJARI

26 DEC 2017

# સેમકોમ કોલેજનું ગૌરવ



સરદાર પટેલ યુનિવર્સિટીના વીમેન સેલ દ્વારા સ્ત્રી સશક્તિકરણ વિષય અંતર્ગત વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સેમકોમ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા નિર્માણ કરાયેલી શોર્ટ ફિલ્મને બેસ્ટ શોર્ટ ફિલ્મનું પ્રથમ પારિતોષિક રૂા. 3000 મળ્યું હતું. આ ફિલ્મનું નિર્માણ સેમકોમ કોલેજના ચોથા વર્ષના બીબીએ - આઈટીએસના વિદ્યાર્થી શ્લોક સ્વાની, ભક્તિ શુક્લા, આદર્શ પાટિલ અને નિયતિ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. સંસ્થાના આચાર્ય ડો. વહીદા થોમસે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતાં.

SANDESH

26 DEC 2017


# સેમકોમમાં શૂટીંગ ઓડિયોવિઝ્યુઅલ અંગે કાર્યશાળા

વલ્લભવિદ્યાનગરે ચારૂતર વિદ્યામંડળ સંચાલિત સેમકોમ કોલેજ ખતે તાજેતરમાં સિનેકોન શોર્ટ ફિલ્મ મેકીંગ સ્પર્ધા અને નોવેલ્સ ધી એડમેકિંગ શો સ્પર્ધા અંતર્ગત ભાગ લીધેલ સ્પર્ધો માટે શુટીંગ ઓડિયો વિઝ્યુઅલ એડીટીગ એન્ડ વોઈસ ઓવર અંગે કાર્યશાળાનુ આયોજન કરાયુ હતું. જેમીં ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કોલેજના પૂર્વ વિદ્યાર્થી અનિરૂદ્ધ વૈંકટેશ ઉદ્યોગસાહસિક, ફિલાન્સર અને કોર્પોરેટ ફિલ્મ મેકર છે.

SARDAR GURJARI

25 DEC 2017

# સેમકોમ કોલેજ ખાતે સમર ટ્રેનિંગ એવોર્ડ સ્પર્ધાનું આયોજન



આણંદ, તા. ૨૪

ચારુતર વિદ્યામંડળ સંચાલિત સેમકોમ કોલેજમાં તાજેતરમાં સમર ટ્રેનિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજ 'ગોઈંગ બી ઓન્ડ ધી ટેક્સ બુક એન્ડ ગોઈંગ બી ઓન્ડ ધી ક્લાસરુમ' ના અધ્યાપન શાસ્ત્ર પર ૨૦૧૭ના ઉનાળુ વેકશન દરમ્યાન જે વિદ્યાર્થીઓએ ઈન્ડસ્ટ્રીમાં ટ્રેનિંગ લીધી હોય તેઓએ તેનો રિપોર્ટ કોલેજમાં આપવાનો હોય છે.

આ સ્પર્ધા માટે ૧૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ ભારત તેમજ વિદેશ ખાતે ઉનાળાના વેકેશન દરમ્યાન વિવિધ ઉદ્યોગોમાં ટ્રેઈનિંગ લીધી હતી અને તેઓએ ફેકલ્ટી કો-ઓર્ડિનેટર ડૉ. યશસ્વી રાજપરા અને ડૉ. સ્વાતી પરબના માર્ગદર્શન હેઠળ તેમના અહેવાલ તૈયાર કર્યા હતાં. ત્યારબાદ તેઓએ સ્પર્ધાના અંતિમ ચરણમાં તેઓના અહેવાલોની પ્રસ્તુતિ કરી હતી. આ સ્પર્ધાના નિર્ણાયક તરીકે સેમકોમના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને શહેરના પ્રેક્ટીસિંગ ચાર્ટડ એકાઉન્ટન્ટ ધૃવિત પટેલ, કુશ પટેલ ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગના માલિક શ્રીલ પટેલે ઈનપુટ્સ આપી વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું.

DIVYA BHASKAR

18 DEC 2017

# સેમકોમ કોલેજ દ્વારા "બ્લોક ચેઇન એન્ડ ક્રાઇવટોકરન્સી' અંગે કાર્યશાળા યોજાઇ

આણંદ | ચારુતર વિદ્યામંડળ સંચાલિત સેમકોમ કોલેજ ખાતે "બ્લોક ચેઈન એન્ડ ક્રાઈવટોકરન્સી' અંગે કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. બ્લોક ચેનને વર્ષ 2009માં વિશ્વભરમાં રજુ કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને બ્લોક ચેન અને ક્રાઈવટોકરન્સી અંગે માર્ગદર્શન અને દિશા આપવા સેમકોમ દ્વારા આ કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું.

સેમકોમના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને નિષ્ણાંત મિ.અનિરુદ્ધ વેંકટેશે બ્લોક ચેન ટેકનોલોજી અંગે તેમનું જ્ઞાન અને કેવી રીતે ફાઈનાટેકના રૂપમાં ફાઈનાન્સ અને વિતરણવાળી ખાતાવહી વ્યવસ્થાના અર્થશાસ્ત્ર મોડેલ અને સમજવામાં કેવા વિક્ષેપો ઉભા થાય છે તેની માહિતી આપી હતી. બીબીએ, બીબીએઆઈટીએમ, બીસીએ, બીકોમ અને એમકોમ ઈ-બિઝનેસના કુલ 60 વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

DIVYA BHASKAR

15 DEC 2017

# સેમકોમ કોલેજ દ્વારા "બ્લોક ચેઇન એન્ડ ક્રાઇવટોકરન્સી' અંગે કાર્યશાળા યોજાઇ

આણંદ | ચારુતર વિદ્યામંડળ સંચાલિત સેમકોમ કોલેજ ખાતે "બ્લોક ચેઈન એન્ડ ક્રાઈવટોકરન્સી' અંગે કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. બ્લોક ચેનને વર્ષ 2009માં વિશ્વભરમાં રજુ કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને બ્લોક ચેન અને ક્રાઈવટોકરન્સી અંગે માર્ગદર્શન અને દિશા આપવા સેમકોમ દ્વારા આ કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું.

સેમકોમના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને નિષ્ણાંત મિ.અનિરુદ્ધ વેંકટેશે બ્લોક ચેન ટેકનોલોજી અંગે તેમનું જ્ઞાન અને કેવી રીતે ફાઈનાટેકના રૂપમાં ફાઈનાન્સ અને વિતરણવાળી ખાતાવહી વ્યવસ્થાના અર્થશાસ્ત્ર મોડેલ અને સમજવામાં કેવા વિક્ષેપો ઉભા થાય છે તેની માહિતી આપી હતી. બીબીએ, બીબીએઆઈટીએમ, બીસીએ, બીકોમ અને એમકોમ ઈ-બિઝનેસના કુલ 60 વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

DIVYA BHASKAR

14 DEC 2017

### મતદારોમાં મતદાન જાગૃતિ કેળવવાના હેતુથી

# સેમકોમ કોલેજ દ્વારા જોળ ગામે ત્રિદિવસીય અભિયાન હાથ ધરાયું

## કોલેજમાં અભ્યાસ કરતા 25 જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો

ભાસ્કર ન્યૂઝ | આણંદ

આણંદમાં જિલ્લા સાત વિધાનસભાની સામાન્યચૂંટણી 14 ડિસેમ્બરે યોજાનાર છે. ત્યારે મતદારોમાં મતદાન જાગૃતિ કેળવાઈ રહે તેવા હેતુથી સેમકોમ કોલેજ દ્વારા રાષ્ટ્રીય સેવા યોજના અંતર્ગત જોળ ગામે ત્રિદિવસીય મતદાર જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર ચારૂતર વિદ્યામંડળ સંચાલિત સેમકોમ કોલેજ દ્વારા રાષ્ટ્રીય સેવા યોજના અંતર્ગત આણંદ તાલુકાના જોળ ગામમાં મતદાર જાગૃતિ અભિયાન હેઠળ ત્રણ દિવસ સુધી ઘરે ઘરે જઈને મતદાન અને લોકશાહીમાં મતદાનનું મહત્વ ગ્રામજનોને સમજાવવામાં આવતું હતું. ત્યારબાદ ગ્રામજનોને મતદાન અંગે જાગૃત કરવાના પ્રયાસ હાથ ધર્યા હતા.

મતદાનના દિવસે જોળ ગામમાં સો ટકા મતદાન થાય તેવા ગ્રામજનોને સંકલ્પ લેવડાવવામાં આવ્યા હતા. આ અભિયાનને ગામ લોકોએ ઘણા સારા પ્રતિસાદથી સ્વીકાર્યો હતો. મતદાન જાગૃતિ અભિયાનમાં કોલેજમાં અભ્યાસ કરતાં 25 ઉપરાંત વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

સેમકોમ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા મતદાન જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવેલ હોઈ આણંદ જિલ્લા કલેકટર ડો.ધવલ પટેલે પ્રોત્સાહન પુરુ પાડી શુભેચ્છાઓ પાઠવી હતી. મતદાન જાગૃતિ અભિયાનને આચાર્ય ડો. વહીદા થોમસે માર્ગદર્શન પુરુ પાડ્યું હતુ. ડો. પ્રિતી લુહાણા, કો.ઓર્ડિનેટર ડો. રીના દવે, ડો. ભરત તારપરા અને પ્રો. જેનિતા પટેલે કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

SARDAR GURJARI

14 DEC 2017

# એનએસએસ અંતર્ગત સેમકોમ કોલેજ દ્વારા મતદાર જાગૃતિ અભિયાન



આણંદ, તા. ૧૩

ચારુતર વિદ્યામંડળ સંચાલિત સેમકોમ કોલેજ દ્વારા રાષ્ટ્રીય સેવા યોજના અંતર્ગત આણંદ તાલુકાના જોળ ગામ ખાતે ત્રણ દિવસીય મતદાર જાગૃતિ અભિયાન કરાયું હતું. સેમકોમ કોલેજના એનએસએસ પાંખોના વિદ્યાર્થી સ્વયંસેવકોએ જોળ ગામમાં સતત ત્રણ દિવસ સુધી ઘરે ઘરે જઈને મતદાન અને લોકશાહીના મતદાનના મહત્વને સમજાવતા તેઓને મતદાન અંગે જાગૃત કરવાના પ્રયાસ કર્યા હતાં. આ અભિયાનને ગામ લોકોએ ઘણા સારા પ્રતિસાદથી સ્વીકાર્યો હતો. સેમકોમના આ અભિયાનને આણંદ કલેક્ટરે પ્રોત્સાહન આપ્યું હતું.

આચાર્ય ડૉ. વહીદા થોમસના માર્ગદર્શન હેઠળ સેમકોમની આ પહેલને સફળતા સુધી પહોંચાડવા વિદ્યાર્થી મધ્યસ્થ સમિતિના વડા ડૉ. પ્રિતિ લુહાણા, કો-ઓર્ડિનેટર ડૉ. રીના દવે, ડૉ. ભરત તારાપરા અને પ્રા. જેનિતા પટેલે ઘણી મહેનત કરી હતી.

SARDAR GURJARI

11 DEC 2017

# સેમકોમ કોલેજ દ્વારા 'બ્લોક ચેઈન એન્ડ ક્રાઈવટોકરન્સી' અંગે કાર્યશાળા યોજાઈ

આણંદ, તા. ૧૦

ચારુતર વિદ્યામંડળ સંચાલિત સેમકોમ કોલેજ ખાતે 'બ્લોક ચેઈન એન્ડ ક્રાઈવટોકરન્સી' અંગે કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. બ્લોક ચેનને વર્ષ ૨૦૦૯માં વિશ્વભરમાં રજૂ કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને બ્લોક ચેન અને ક્રાઈવટોકરન્સી અંગે માર્ગદર્શન અને દિશા આપવા સેમકોમ દ્વારા આ કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. સેમકોમના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને નિષ્ણાંત અનિરુદ્ધ વેંકટેશે બ્લોક ચેન ટેક્નોલોજી અંગે તેમનું જ્ઞાન અને કેવી રીતે ફાઈનાટેકના રૂપના ફાઈનાન્સ અને વિતરણવાળી ખાતાવહી વ્યવસ્થાના અર્થશાસ્ત્ર મોડેલ અને સમજવામાં કેવા વિક્ષેપો ઊભા થાય છે તેની માહિતી આપી હતી. બીબીએ, બીબીએઆઈટીએમ, બીસીએ, બીકોમ અને એમકોમ ઈ-બિઝનેસના કુલ ૬૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

'આચાર્યશ્રી ડૉ. વહીદા થોમસના માર્ગદર્શન હેઠળ કો-ઓર્ડિનેટર પ્રા. પલક પટેલ, પ્રા. હર્ષિદા પટેલ અને પ્રા. રેનિલ થોમસના સહિયારા પ્રયાસથી આ કાર્યશાળાને સફળતા મળી હતી.